# અચલા અને અંબરે રાષ્ટ્રીય કામગીરી બજાવી

– પોપટલાલ મંડલી

રવિવારનો દિવસ હતો. શાળામાં રજા હતી. અચલા અને અંબર સવારના પહોરમાં ફરવા નીકળ્યાં. તેઓ ચાલતાં ચાલતાં નાનકડા જંગલમાં આવી ચડ્યાં. અહીં મોરની વસાહત હતી. સેંકડો મોર આ વસાહતમાં મસ્તીથી રહેતા હતા.

એમણે જોયું તો એક મોર કળા કરીને થનગનતો હતો. એની પાસે જ ઢેલ હતી. ઢેલને રાજી કરવા તે ફરરરર ફરરરર પીંછાં ખખડાવતો એની નજીક ઘસી જતો હતો. આ હૃદયંગમ દૃશ્ય જોઈ બંને ભાઈ–બહેન અતિ પ્રસન્ન થયાં.

પરંતુ એમની પ્રસન્નતા ઝાઝો સમય ન ટકી. પાંચ આંગળીઓ સરખી નથી તેમ સમાજમાં માણસો સરખા સ્વભાવના નથી હોતા.

એમના આશ્ચર્ય વચ્ચે એક પારધી હાથમાં ધનુષ્ય-બાણ લઈ મોરનો શિકાર  કરવા આવ્યો. એનો દેખાવ ભયંકર હતો. એ શરીરે તગડો, કાળારંગનો, મોટી આંખોવાળો અને મૂછોવાળો હતો.

કોઈપણ ભોગે આ શિકાર અટકાવવા ભાઈ-બહેને સંતલસ કરી. બંને શિકારી પાસે આવીને ઊભાં. કહેવા લાગ્યાં, ‘ભલા માણસ, મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે. તેનો શિકાર કરનારને સાત વરસની સજા થાય છે, વળી મોર ગભરુ પક્ષી છે. એ કોઈને જરા પણ હરકત કરતો નથી. એનું જીવન સાદું-સરળ છે. એ ગુણોનો ભંડારી છે. એને કુદરતે કળા કરીને નાચવાની અદ્ભુત ભેટ આપી છે. એની ડોકનો વાદળી રંગ અજોડ છે. એનાં પીંછાં મુલાયમ ને સોહામણાં છે. કૃષ્ણે એને પોતાના માથામાં ખોસી બહુમાન કર્યું છે. આવા કલાકારની હત્યા

કરવી એ મહાપાપ છે. એની સજા તારે ભોગવવી પડશે. માટે ભલો થા ને ભલાં કામ કર. આ મોરને છોડી દે.'

ભાઈ–બહેનની લંબાણપૂર્વકની અપીલની શિકારી પર કોઈ અસર ન થઈ. ઊલટાનો કહેવા લાગ્યો, 'તમે મને ઉપદેશ આપનાર કોણ ? મારા મારગમાંથી ખસી જાઓ. નહિતર તમારે મારા ગુસ્સાનો ભોગ બનવું પડશે.'



બંને સામ, દામ, દંડ અને ભેદની નીતિ **ભણ્યાં હતાં**. અચલા દશમા ધોરણમાં હતી ને અંબર અગિયારમા ધોરણમાં હતો. હિમાચલ પ્રદેશ એમનું વતન. હમીરપુરમાં એમનું રહેઠાણ. બંને બહાદુર ને પરોપકારી. કોઈનાથી ગાંજ્યાં ન જાય તેવાં નિર્ભયી. એ બે સાથે હોય તો ગમે તેવા ગુંડાને ભૂ પીવડાવી દે.

આજે એમની કસોટીનો કાળ હતો. અચલાએ ઈશારો કરી અંબરને કહ્યું, 'હું એનું **ધનુષ્યબાણ** લઈ લઉં છું. તું એનો લઠ્ઠ લઈ લેજે.' આવું જણાવી તે શિકારી પાસે જઈ કહેવા

લાગી, 'કાકા આ તમારું **ધનુષ્યબાણ** મને બતાવો. મેં જિંદગીમાં જોયું નથી. પછી તમારે જે કરવું હોય તે કરજો.'

શિકારીએ પોતાનું **ધનુષ્યબાણ** અચલાને આપી દીધું. આ દરમિયાન અંબરે એનો લઠ્ઠ લઈ લીધો. શિકારી નિહ**થ્થો** થઈ ગયો.

શિકારીનાં બંને હથિયારો ભાઈ–બહેન પાસે આવી જતાં બંનેએ જયજયકાર કર્યો.

અચલાએ બાણાવળીની છટાથી તીર ચઢાવ્યું. કાન સુધી પણછ ખેંચી શિકારીનું નિશાન લીધું. અંબરે શિકારી પ્રતિ લઠ્ઠ ઉગામ્યો. બંનેએ એને કહ્યું, 'દુષ્ટ ! આગળ થઈ જા. આજે તારા પ્રાણ તારા નહિ રહે.'

બંનેનું **રૌદ્ર** સ્વરૂપ જોઈ તથા બાજી પલટાયેલી જોઈ શિકારી આગળ આગળ ચાલવા લાગ્યો. બંને ભાઈ–બહેને મોરના શિકારીને પોલીસના હવાલે કરી દીધો. તમામ પોલીસ કર્મચારીઓએ અને જમાદારે એની ધોલાઈ કરી. એણે એક ડઝન મોરનો શિકાર કર્યો હતો એવું કબૂલ્યું. પોલીસોએ કાગળિયાં કરી એને અંદર કરી દીધો.

ત્યારબાદ આ બંને ભાઈ–બહેનને સામ, દામ, દંડ અને ભેદની સફળ નીતિ અપનાવ્યા બદલ એમના પર ધન્યવાદની વર્ષા કરી.

બીજા દિવસે પોલીસ ખાતાએ અને ગામલોકોએ એક સમારંભ ગોઠવી એમને બહાદુરી બદલ ઈનામ આપ્યું. આ બનાવ ગામના ખબરપત્રી દ્વારા દૈનિકપત્રમાં અપાવ્યો.

ગ્રામવિકાસ પરિષદે, આ બંને ભાઈ–બહેનને બહાદુરી બદલ બાલવીર પુરસ્કાર મળે તે માટે કેન્દ્રના મંત્રાલયને જાણ કરી.

૨૬મી જાન્યુઆરી ૧૯૮૨ના રોજ આપણા દેશના રાષ્ટ્રપતિએ આ બે બાળકોને બાલવીર પુરસ્કાર આપી સન્માન કર્યું.

ધન્ય છે ભાઈ–બહેનની ચાણક્ય નીતિને ! ! !

■